# કોવિડ–૧૯ કોરોના વાઈરસની મહામારીમાં રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ રાહત પેકેજ અને સહાયની સંક્ષિપ્ત માહિતી



- સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી એક મહિના માટે ઓફ લાઈન પદ્ધતિએ અનાજ અપાશે.
- જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ વેચતા ફેરિયાવપરાશ, લારી ગલ્લાવાળા, વેપારીઓને મામલતદાર કચેરી પાસ આપશે.
- ઘર વીજ વપરાશકારો અને વેપારી એકમો માર્ચ અને એપ્રિલના વીજ બીલો તા. ૧૫મી મેં સુધી ભરી શકશે.
- નાના–મોટા ઉદ્યોગો વેપારી એકમોનો એપ્રિલના વીજબિલમાં ફિક્સ ચાર્જ નહિ લેવાય, માત્ર વપરાશનું જ બીલ આકારાશે.
- બિયારણ–ખાતર અને પેસ્ટીસાઈડ આવશ્યક ચીજ વસ્તુઓ તરીકે જાહેર કરાઈ –જરૂરિયાત પ્રમાણે વિતરણ થઈ શકશે.
- ગુજરાતમાં વસતા અન્ય રાજ્યોના શ્રમિકો–કામદારોના રહેવા–જમવાની વ્યવસ્થા માટે જીલ્લાતંત્રની **હેલ્પલાઈન ૧૦૭૭ કાર્યરત.** સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી જીલ્લાતંત્ર મદદરૂપ થશે.
- અન્ય રાજ્યોમાં લોક ડાઉનની સ્થિતિમાં અટવાયેલા ગુજરાતી યાત્રિકો–મુસાફરો માટે જે તે રાજ્યમાં આવાસ–ભોજન વ્યવસ્થા ગુજરાતી સમાજ અને સ્થાનિક વહીવટ કર્તાઓની મદદથી કરાશે. આ માટે **હેલ્પલાઈન ૧૦૭૦** કાર્યરત કરવામાં આવી છે. સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી જિલ્લાતંત્ર મદદરૂપ થશે.
- આરોગ્ય ક્ષેત્રના સફાઈ કર્મચારીથી ડોક્ટર સહિતના તમામ ૨૨ લાખ કાર્યકરોને માટે રૂ. ૫૦ લાખના અકસ્માત વિમાની જોગવાઈ કરવામાં આવી છે.
- જનધન ખાતું ધરાવતી ૨૦ કરોડ મહિલાઓને ત્રણ મહિના સુધી દર મહીને રૂ. ૫૦૦ આપવામાં આવશે જે સીધા તેમના જનધન બેંક ખાતામાં જમા થશે.
- એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયામાં ૮ કરોડ ૭૦ લાખ ખેડૂતોના ખાતામાં કિસાન સન્માન નિધિ હેઠળ રૂ. ૨ હજાર જમા કરાવાશે.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૬૦ લાખ મહિલા સ્વયં સહાયતા સમુહોને ૨૦ લાખ સુધીની કોલેટરલ મફત લોન મળશે.
- ૩ કરોડ ગરીબ વિધવાઓ, વરીષ્ઠ નાગરીકો અને વિકલાંગોને રૂ. ૧૦૦૦ આપવામાં આવશે.
- મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮/બ તા. ૧૭/૩/૨૦૨૦ ના સંદર્ભવાળા ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત તા.૧૬/૩/૨૦૨૦ થી તા. ૨૯/૩/૨૦૨૦ અથવા જ્યાં સુધી આંગણવાડી બંધ રાખવાની સ્થિતિ ઉદ્ભવે ત્યાં સુધી ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ આહારના ભાગરૂપે “Special Case” માં ટેક હોમ રેશન (ટી.એચ.આર.) વિતરણ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.
- કોવીડ–૧૯ લોકડાઉન દરમ્યાન તા. ૨૩/૩/૨૦૨૦ ના પત્રથી રાજ્યના ૦ થી ૩ વર્ષના બાળકો, ૩ વર્ષથી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને સમયસર ટી.એચ.આર.ના પેકેટ (રેડી ટુ ઈટ પેકેટ) આપવા જણાવેલ છે.

| લક્ષ્ય જુથ | લાભો | લાભ માટે શું કરવું જોઈએ |
|---|---|---|
| ૩ કરોડ વરિષ્ટ નાગરિક, વિધવા અને દિવ્યાંગ નાગરિક | આવનાર ત્રણ મહિના માટે ૨ હપ્તામાં ૧૦૦૦ રૂપિયાની વધારાની ચુકવણી થશે. | આપનું બેંક એકાઉન્ટ સક્રિય છે તે ખાતરી કરો. |
| ૦.૨૨ કરોડ આરોગ્ય વ્યવસાયિકો (ડોક્ટર્સ, નર્સ, આશા વર્કર્સ, પેરા મેડીકલ સ્ટાફ, સેનિટેશન વર્કર્સ) | દરેક સ્વાસ્થ્ય વ્યવસાય અને ૫૦ મિલિયન વ્યક્તિ દીઠ આરોગ્યની વીમા કવર પ્રદાન કરે છે. | |
| બી.પી.એલ. કાર્ડ ધરાવતા ૮૦ મરોડ નાગરીકો | આવતા ત્રણ મહિના માટે દર મહીને વધારાના ૫ કિલો ઘઉં અથવા ચોખા મફતમાં મળશે. આ ઉપરાંત, દરેક ઘર માટે ૧ કિલો દાળ પણ ત્રણ મહિના માટે આપવામાં આવશે. | નજીકની રાશનની વ્યાજબી ભાવની દુકાનનો સંપર્ક કરવો. |
| ૩.૫ કરોડ બાંધકામ કામદારો | કેન્દ્ર સરકારે રાજ્યોને મકાન અને અન્ય બાંધકામ કામદારોને લાભ આપવા માટે રૂ. ૩૧,૦૦૦ કરોડનાં ભંડોળનો ઉપયોગ કરવા જણાવેલ છે.<br>પંજાબ – કામદાર દીઠ રૂ. ૩,૦૦૦/–<br>યુપી – કામદાર દીઠ રૂ. ૧,૦૦૦/–<br>દિલ્હી – કામદાર દીઠ રૂ. ૫,૦૦૦/– | નોંધાયેલ કામદારો તેમનું બેંક એકાઉન્ટ સક્રિય છે તે ખાતરી કરવી. |
| સંગઠિત ક્ષેત્ર – ઈપીએફ | સરકાર આગામી ત્રણ મહિનામાં નિયોજક અને કર્મચારીનું ઈપીએફ યોગદાન (દરેક ૧૨%) ચૂકવશે, જેથી ઈપીએફઓના યોગદાનમાં સાતત્યતા ગુમાવવાને કારણે કોઈને મુશ્કેલી ન પડે. ઈપીએફને આપેલા કુલ ફાળામાંથી, ૭૫% અથવા ૩ મહિનાનો પગાર, બે માંથી જે ઓછું હોય તે ઉપાડ કરી શકે છે. જે પરત નહિ ભરવાપાત્ર એડવાન્સ હશે. | એડવાન્સ પસંદ કરવા માટે કર્મચારીઓ તેમની બેંક નિયોજકનો સંપર્ક કરી શકે છે. |
| ૮.૩ કરોડ ઉજ્વલા યોજનાના લાભાર્થી | લાભાર્થીઓને આગામી ૩ મહિના સુધી ૩ સીલીન્ડર મફત મળશે. | પોતાની ગેસ એજન્સીનો સંપર્ક કરવો. |
| મનરેગા યોજના અંતર્ગત ૫ કરોડ મજુરો | મનરેગા યોજના હેઠળ વેતન રૂ. ૧૮૨ થી વધારીને રૂ. ૨૦૨ દિવસ દીઠ, કામદાર દીઠ | જો જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મંજુરી આપવામાં આવે તો મનરેગા જોબ કાર્ડ ધારક કૃષિ પ્રવુત્તિઓ કરી શકે છે જે સામાજિક અંતરને સુનિશ્ચિત કરે છે. |
| ૮.૬૯ કરોડ ખેડૂતો | ખેડૂતોના ખાતામાં સીધા રૂ. ૨૦૦૦/– જમા થશે. | 1. લાભાર્થીએ પોતાનું બેંક એકાઉન્ટ સક્રિય છે તે સુનિશ્ચિત કરવું.<br>૨. લાભાર્થી પોતે પીએમ કિસાન સન્માન યોજનામાં નોંધાયેલ છે, તે સુનિશ્ચિત કરવું. |

વર્તમાન સમયમાં જે પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે જેઅનુસંધાને કેન્દ્ર સરકાર તરફથી રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે અને ફૂડ બાસ્કેટ સંદર્ભે નોટીફીકેશન બહાર પાડેલ છે તેમને સરળ ભાષામાં રજુ કર્યું છે. જેથી જરુરીયાતમંદ સમુદાય સુધી અસરકારક રીતે માહિતી પહોચી શકે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા કુટુંબો અને વ્યક્તિઓ એપ્રિલ–૨૦૨૦ દરમ્યાન ફૂડ બાસ્કેટ હેઠળ વિના મુલ્યે ઘઉં, ચોખા, દાળ, ખંડ, મીઠું આપવા બાબતે નીચે મુજબ જાહેરાત કરેલ છે.

| કેટેગરી | મળવા પાત્ર જથ્થો વિના મુલ્યે |
|---|---|
| અંત્યોદય યોજના લાભાર્થી | • કુટુંબોને માસિક કાર્ડ દીઠ ૨૫ કી.ગ્રા. ઘઉં, ૧૦ કી.ગ્રા. ચોખા અને ૧ કિલો દાળ<br>• કુટુંબ દીઠ જે ખાંડનો જથ્થો મળતો હતો તે આપવામાં આવશે.<br>• કુટુંબ દીઠ ૧ કિલો રીફાઈન્ડ આયોડીન મીઠું. |
| અગ્રતા ધરાવતા લાભાર્થી | ૩.૫૦૦ કી.ગ્રા. ઘઉં, ૧.૫૦૦ કી.ગ્રા. ચોખા, ૧ કી.ગ્રા. ખાંડ, ૧ કી.ગ્રા. મીઠું અને ૧ કી.ગ્રા. દાળ |
| બીપીએલ કાર્ડ ધારક | હાલ મળતા જથ્થાના પ્રમાણમાં ખાંડ અને ૧ કી.ગ્રા. મીઠું |
| અન્નમ બ્રહ્મ યોજના લાભાર્થી | અગ્રતા ધરાવતા કુટુંબના વિતરણ પ્રમાણ મુજબ વ્યક્તિ દીઠ ૩.૫૦૦ કી.ગ્રા. દાળ |
| એપીએલ કાર્ડ ધારક | ૧ કિલો ખાંડ, ૧ કિલો મીઠું |

ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી તથા નાયબ મુખ્ય મંત્રીની ઉપસ્થિતિમાં તા. ૨૫/૩/૨૦૨૦ ના રોજ્યોજયેલ તાકીદની બેઠકમાં રાશનનો જથ્થો તમામ લાભાર્થીઓને વિના મુલ્યે આપવાનો સંવેદનશીલ નિર્ણય કરાયેલ છે. જે અંગે વિગતો ધ્યાને લેતાં એપ્રિલ–૨૦૨૦ માસ માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નીચે મુજબ ઘઉં, ચોખા, દાળ, ખાંડ તથા મીઠાનું વિના મુલ્યે વિતરણ વ્યવસ્થા કરવામાં આવશે.

| ક્રમ | કેટેગરી | રેશનકાર્ડ | જનસંખ્યા | વસ્તુ | મળવાપાત્ર જથ્થો (કી.ગ્રા.) | |
|---|---|---|---|---|---|---|
| 1 | એ.એ.વાય.(AAY) કુટુંબો | ૮.૦૭ લાખ | ૩૬.૪૪ લાખ | ઘઉં | કાર્ડદીઠ | ૨૫.૦૦ |
| | | | | ચોખા | કાર્ડદીઠ | ૧૦.૦૦૦ |
| | | | | દાળ | કાર્ડદીઠ | ૧.૦૦૦ |
| 2 | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ૫૭.૩૩ લાખ | ૨૮૪.૮૦ લાખ | ઘઉં | વ્યક્તિદીઠ | ૩.૫૦૦ |
| | | | | ચોખા | વ્યક્તિદીઠ | ૧.૫૦૦ |
| | | | | દાળ | કાર્ડદીઠ | ૧.૦૦૦ |

| ક્રમ | કેટેગરી | રેશનકાર્ડ | જનસંખ્યા | વસ્તુ | મળવાપાત્ર જથ્થો (કી.ગ્રા.) | |
|---|---|---|---|---|---|---|
| 3 | તમામ એ.એ.વાય. (AAY) કુટુંબો | ૮.૦૭ લાખ | ૩૬.૪૪ લાખ | ખાંડ | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ | ૧.૦૦૦ |
| | | | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ | ૧૦.૦૦૦ |
| 4 | તમામ બીપીએલ કુટુંબો | ૨૭.૩૫ લાખ | ૧૪૩.૫૫ લાખ | ખાંડ | વ્યક્તિદીઠ | ૦.૩૫૦ |
| 5 | તમામ એ.એ.વાય. (AAY) કુટુંબો અને બીપીએલ કુટુંબો | ૩૫.૪૨ લાખ | ૧૭૯.૭૯ લાખ | આયોડાઇઝડ મીઠું | ૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ | ૧.૦૦૦ |
| | | | | | ૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ | ૨.૦૦૦ |
| 6 | અગ્રતા ધરાવતા કુટુંબો (NFSA APL-1+NFSA APL-2) (નવા પ્રથમવાર) | ૩૩.૩૯ લાખ | ૧૫૬.૧૯ લાખ | ખાંડ | કાર્ડદીઠ | ૧.૦૦૦ |
| | | | | આયોડાઇઝડ મીઠું | કાર્ડદીઠ | ૧.૦૦૦ |

મધ્યાહ્ન ભીજન યોજના અંતર્ગત ગુજરાત સરકારના ઠરાવથી મધ્યાહ્ન યોજનાના નિયમો-૨૦૧૫ના નિયમ ૯ ની જોગવાઈ મુજબ જો શાળાએ જતા બાળકોને જુદા જુદા કારણોથી ભોજન ન આપવામાં આવે ત્યારે ફૂડ સિક્યુરીટી એલાઉન્સ આપવાની જોગવાઈ છેછે હાલ કોવીડ-૧૯ વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે તેના અનુસંધાને રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓ તા.૧૬/૩/૨૦૨૦ થી ૨૯/૩/૨૦૨૦ ના સમયગાળાનું દિન-૧૧ નું કુકિંગ કોસ્ટ અને અનાજ આપવાનું જણાવેલ છે. જેમાં ધો.૧ થી ૫ના વિદ્યાર્થી દીઠ રૂ.૪.૯૬ અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થી દીઠ રૂ. ૬.૯૬ કુકિંગ કોસ્ટ પ્રતિદિન નિર્ધારિત કરેલ છે અને ભારત સરકાર દ્વારા ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થી માટે પ્રતિદિન ૧૦૦ ગ્રામ અનાજ અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થી માટે પ્રતિદિન ૧૫૦ ગ્રામ અનાજ આપવાનું નિયત કરેલ છે. જેમાં માહે માર્ચ ૨૦૨૦ ના માસ માટે ઉક્ત એલાઉન્સ (અનાજ સાથે) આપવા જણાવેલ છે.

**નોંધ:** માહિતી શ્રોત કોવિદ-૧૯ રાહત પેકેજ રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ નોફીકેશનો, પરિપત્રોમાંથી સંકલિત કરવામાં આવી છે તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રકાશિત માહિતી પત્રિકામાંથી પણ માહિતી લેવામાં આવી છે. જેનો હેતુ ફક્ત જનસમુદાયની જાગૃતિ અર્થે છે જેથી વિવાદાસ્પદ બાબતો અંગે સરકારશ્રી દ્વારા જાહેર થયેલ મૂળ નોફીકેશનો તથા પરિપત્રોની મૂળ પ્રત ચકાસી લેવી.

**લોક સમુદાયની બહોળી જાગૃતિ અર્થે જરૂરિયાતમંદ લોકોના હિતમાં પ્રસિદ્ધ કરનાર**

**માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર**

**(સેન્ટ ઝેવિયર્સ નોન-ફોર્મલ એજ્યુકેશન સોસાયટી)**

**સેન્ટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.**